# વિજ્ઞાન પ્રવાહના પરિણામને ધ્યાને લઈ વિદ્યાર્થીઓ માટે કારકીર્દી માર્ગદર્શન માટે આજે વેબીનાર

**આજે સવારે ૧૦.૦૦ વાગ્યે આ વેબીનાર યોજાશે : ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ગુજકોસ્ટની વેબસાઈટ પરથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે**

ગાંધીનગર, તા. ૨૯

રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ અંતર્ગત વિજ્ઞાનના પ્રચાર અને પ્રસાર અંગે કામ કરતી સંસ્થા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા જાહેર થયેલા વિજ્ઞાન પ્રવાહના પરિણામને ધ્યાને લઈ વિદ્યાર્થીઓ માટે કારકીર્દી માર્ગદર્શન પર તા. ૩૦મી મેના રોજ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે તેમ ગુજકોસ્ટના મેમ્બર સેક્રેટરીશ્રીએ યાદીમાં જણાવ્યું છે.

શનિવારનાં રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે યોજાનારા આ વેબીનારમાં વિવિધ ક્ષેત્રનાં નિષ્ણાતો દ્વારા વ્યવસાયીક શિક્ષણના વિવિધ પ્રવાહો જેવા કે, મેડિકલ, એન્જિનિરીંગ, ફાર્મસી તથા અન્ય ઉભરાતા ટેક્નોલોજી ક્ષેત્રો સાથે સંકળાયેલ વિશાળ તક અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

આ વેબીનારમાં આઈ.આઈ.ટી ગાંધીનગરના પ્રો. ભાસ્કર દત્તા મૂળભૂત વિજ્ઞાન અંગે થતા સંશોધન કાર્યો વિષે માહિતગાર કરી વિદ્યાર્થીઓને પોતાની રસ-રુચિ અનુસાર કેવી રીતે ઉચ્ચ અભ્યાસ પસંદ કરવો તે અંગે માર્ગદર્શન આપશે.

આ યુગમાં રોબોટિક્સ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ તથા ઈન્ટરનેટ ઓફ થિંગ્સ ક્ષેત્રે થયેલા આવિષ્કારોએ માનવ જીવન સરળ બનાવ્યું છે. અવકાશ વિજ્ઞાન તથા રક્ષા ક્ષેત્રે થયેલી હરણફાળ પ્રગતિથી આજે દેશ સેટેલાઈટ અને રોકેટ વિજ્ઞાનની બાબતમાં આત્મનિર્ભર બન્યો છે. એન્જિનિરીંગ અને ટેક્નોલોજી ક્ષેત્રે રહેલી તકો અંગે ISRO સાથે સંકળાયેલા સિનિયર વૈજ્ઞાનિક ડૉ. પારૂલ પટેલ વિસ્તૃત માહિતી આપશે તથા આવનાર સમયમાં ગુજરાતમાંથી વધુમાં વધુ વૈજ્ઞાનિકો બને તે અંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

પ્રવર્તમાન કૉરોના મહામારી સામે લડવામાં ડૉક્ટર્સ તથા સ્વાસ્થ્યકર્મીઓનું મહત્વપૂર્ણ યોગદાન જોઈને ઘણા વિદ્યાર્થીઓ સ્વાસ્થ્ય તથા ચિકિત્સા ક્ષેત્રે કારકિર્દી બનાવવા પ્રેરાય છે. સ્વાથ્યની જાળવણી તથા નવી-નવી બીમારીઓ સામે લડવા દવા તથા રસીનું સંશોધન કાર્ય પણ વિદ્યાર્થીઓને આકર્ષે છે. મેડિકલ પેરામેડિકલ ઉપરાંત ચિકિત્સા ક્ષેત્રે રહેલા બહોળા અવકાશ અંગે જાણકારી આપવા સિવિલ હોસ્પિટલ રાજકોટ ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતાં ડૉ. ઝરણા ધામેચા પણ વેબીનારમાં જોડાશે.

વેબીનારમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ગુજકોસ્ટની વેબસાઈટ પરથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વિદ્યાર્થીઓ પોતાને મુંઝવતા પ્રશ્નો webinar.gujcost@gmail.com પર મોકલી શકે છે. આ પ્રશ્નો અંગેની ચર્ચા વેબીનારના અંતે પ્રશ્નોત્તરી સેશનમાં કરવામાં આવશે.

ચાલુ વર્ષે ૧.૪ લાખ વિદ્યાર્થીઓ ધો.૧૨ની પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. લોકડાઉનના સમયગાળામાં પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ તથા વાલીઓને સમયસર કારકિર્દી અંગે માર્ગદર્શન મળી રહે એ ખૂબ જરૂરી હોય, આ મહત્વપૂર્ણ વિષય પર વેબીનારનું આયોજન કરાયુ હોવાનું ગુજકોસ્ટના મેમ્બર સેક્રેટરીશ્રીએ યાદીમાં જણાવ્યું છે.

# સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોમર્સમાં રંજનબેન ભટ્ટ નિમાયા



ગાંધીનગર, તા. ૨૯

સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઈન્ડસ્ટ્રી (SACCI) માં માર્ગદર્શક મંડળમાં વડોદરાના સાંસદ રંજનબેન ભટ્ટ અને ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાની નિમણૂક થઈ છે. ગુજરાતમાંથી રંજનબેન ભટ્ટ અને શૈલેપ મહેતા ઉપરાંત નામાંકીત ઉદ્યોગપતિ ચંદુભાઈ પટેલની પણ પસંદગી થઈ છે.

સાર્ક દેશોમાં ભારત, નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન. માલદીવનો સમાવેશ થાય છે. સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઈન્ડસ્ટ્રી (SACCI)માં નાના-મોટા ઉધોગોને લઈ ભારત સરકારની નીતિઓપ ઉધોગોનો વિકાસ એજ્યુકેશન અને પ્રમોશન વગેરે જેવી મહત્ત્વની બાબતો પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે. સમગ્ર ગુજરાતમાંથી વડોદરામાંથી ફક્ત સાંસદ રંજનબેન ભટ્ટ અને ધારાસભ્ય શૈલેષ મહેતાની પસંદગી કરવામાં આવી છે. જે સમાચાર સાંભળતાની સાથે જ ગુજરાત ના ભાજપી કાર્યકરતાઓ સહીત ઉદ્યોગપતિઓમાં ખુશીનો માહોલ છવાયો હતો. અત્રે માર્ગદર્શક મંડળમાં સમાવેશ થતા ગુજરાતના સચિવ દિવ્ય ત્રિવેદી એ સાંસદ રંજનબેન ભટ્ટ , ધારાસભ્ય શૈલેષ શુકલ અને નામાંકિત ઉદ્યોગપતિ શ્રી ચંદુભાઈ પટેલ ને રાજ્ય ના હોદ્દેદારો વતી શુભકામનાઓ પાઠવી છે.

ઉલ્લેખનીય છે કે SACCI ના ગુજરાતના સચિવ તરીકે દિવ્ય ત્રિવેદી જવાબદારી અદા કરી રહ્યા છે. દિવ્ય ત્રિવેદીએ વધુમાં જણાવ્યું છે કે આગામી દિવસોમાં સાર્ક દેશોની સાથે સાથે ભારત સરકાર ના લઘુ , સૂક્ષ્મ અને માધ્યમ મંત્રાલયની સાથે રહીને ઉદ્યોગ જગતના પ્રશ્નોને વાચા આપીને પ્રશ્નનો નિકાલ કરવામાં અગ્રેસર રહેશે. શ્રી દિવ્યે જણાવ્યું હતું કે SACCI ગુજરાત સહીત ભારત ના તમામ ઉદ્યોગ જગતનો અવાજ બનશે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીમાં ૫ મિલિયન ઈકોનોમીના સપનાને સાર્થક કરવા માટે જહેમત ઉઠાવશે.

## જન્મદિને વધામણી



**અશોકભાઈ ચીમનલાલ ભાવસાર**
મો. ૯૭૩૭૧ ૭૯૭૬૪



**નિકુંજકુમાર પી પટેલ**
મારૂતિ મંડપ ડેકોરેટર્સ
મો. ૯૭૧૪૫ ૯૧૬૦૧

# ગણપત યુનિવર્સિટી દ્વારા ‘કોવિદ-૧૯’ : આકરી વાસ્તવિકતાઓ અને તેના ઈલાજો પર વેબીનાર

**ગુજરાત ઉપરાંત ૧૬ રાજયોના ૨૨૯ જેટલાં વિદ્યાર્થીઓ, અભ્યાસુ - સંશોધકો ઉપસ્થિત રહ્યા**

ગણપત વિદ્યાનગર, તા. ૨૯

ગણપત યુનિ.ની ફેકલ્ટી ઓફ ફાર્મસી દ્વારા તાજેતરમાં એક નેશનલ -લેવલના વેબીનારનું આયોજન થયું હતું. આજની કોરોનાગ્રસ્ત પરિસ્થિતિને ધ્યાને રાખીને આ વેબીનારનો વિષય ‘કોવિડ-૧૯ : સ્ટાર્ક રિયાલિટીઝ એન્ડ રેમિફિકેશન્સ’ એવો રાખવામાં આવ્યો હતો.

એ વેબીનારમાં ગુજરાત ઉપરાંત ૧૬ જેટલા રાજયોમાંથી ૨૨૯ જેટલાં વિદ્યાર્થીઓ, ફાર્મસી અને સાયન્સ ક્ષેત્રના અભ્યાસુ - સંશોધકો અને વિદ્વાન પ્રાધ્યાપકો જોડાયા હતા.

અમદાવાદની સુખ્યાત એલ.એમ.ફાર્મસી કૉલેજના એડજંક્ટ પ્રો. ડૉ. જયંત બી દવે આ વેબીનારના નિષ્ણાત વ્યાખ્યાતા હતા. પ્રો. દવેએ ઓનલાઈન ઉપસ્થિત ઓનસાઈન ઉપસ્થિત રહી સૌ જિજ્ઞાસુઓને ‘કોવિડ’ સંદર્ભે વિષદ છણાવટ કરી તેની આકરી વાસ્તવિકતાઓ તેમજ તેના વૈજ્ઞાનિક - ઔષધીય ઈલાજો વિષે વિદ્વતાપૂર્ણ માર્ગદર્શન પૂરું




પાડ્યું હતું.

આ વેબીનાર માત્ર એક પક્ષીય નહીં રહેતા ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓ તથા અભ્યાસુ-સંશોધકો દ્વારા પૂછાયેલા અનેકવિધ સવાલોના નિષ્ણાત પ્રો. ડૉ. દવેએ આપેલા વિસ્તૃત પ્રત્યુત્તરોને કારણે જ્ઞાનના રસિક આદાનપ્રદાનમાં પરિણમ્યો હતો.

ગણપત યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર અને ફાર્મસી કૉલેજના આચાર્ય પ્રો. ડો. આર કે પટેલે પણ ઓનલાઈન ઉપસ્થિત રહી મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વેબીનારનું ઓનલાઈન કમ ઓર્ડિનેશન ડૉ. આર પી પટેલ તથા ડૉ. બી જી પ્રજાપતિએ કર્યું હતું. જેમની અથાક મહેનતને કારણે વેબીનારને ભારે મોટી સફળતા મળી હતી.

# કેડેટ્સે ૪૫૦૦ માસ્ક બનાવી કહ્યું ‘અમે પણ કોરોના વોરિયર’

ગાંધીનગર, તા. ૨૯

કોવિડ-૧૯નાં ફરજબદ્ધ અગણ્ય કોરોના વોરીયર્સની સાધનાને આવકારવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા હું પણ કોરોના વોરિયર્સ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. NCC કેડેટ્સે દેશપ્રેમ અને સમાજસેવાના જુસ્સા સાથે ગરમી અને ભૂખની ચિંતા કર્યા વગર રાષ્ટ્ર વ્યાપી કોરોનાની વિકટ પરિસ્થિતિમાં જરૂરિયાતમંદોને કઈ રીતે મદદરૂપ થઈ શકાય તે માટે આ બીડું ઝડપ્યું.

સમગ્ર રાજ્યમાં ૨૧ થી ૨૭ મે દરમ્યાન ચાલેલા આ અભિયાનનાં છેલ્લા દિવસે અમદાવાદના એન. સી. સી. ગ્રુપ હેડ ક્વાર્ટરે કેડેટ દ્વારા તૈયાર કરવામાં આવેલા ૪૫૦૦ માસ્ક જિલ્લા કલેક્ટર શ્રી કે.કે.નિરાલાને સુપ્રત કર્યા હતા. કલેક્ટરશ્રી કે. કે. નિરાલાએ કેડેટ્સના આ સેવાભાવના જુસ્સાને બિરદાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોનાની લડાઈમાં સૌથી મોટુ હથિયાર એટલે માસ્ક...તેના દ્વારા ચેપ ગફેલાતો અટકાવી શકાય છે.



જો કે સમાજમાં કેટલાય લોકો એવા છે કે, જેઓ માસ્ક ખરીદવા સક્ષમ ન હોય. આવા લોકો સુધી સુધી માસ્ક પહોંચતા થાય તેવા ઉદ્દેશથી એન.સી.સી ગ્રુપ હેડક્વાર્ટર દ્વારા માસ્ક સુપ્રત કરવામાં આવ્યા હતા. સામાન્ય રીતે NCC કેડેટ્સ ગણવેશમાં આગવા જુસ્સા સાથે રાષ્ટ્ર સેવા માટે તૈયાર થતાં જોવા મળે છે. ત્યારે દેશ પર આવી પડેલી વિકટ પરિસ્થિતિમાં પણ આ કેડેટ્સે સિલાઈ મશીન દ્વારા માસ્ક તૈયાર કરીને દેશ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.


એનસીસી ગ્રુપ હેડક્વાર્ટરના કમાન્ડર શિવસિંગના નેતૃત્વ હેઠળ અમદાવાદની વિવિધ ૮ એન. સી. સી. બટાલીયનના કેડેટ્સ દ્વારા સમાજઉપયોગી, અતિ આવશ્યક માસ્કનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું.

**વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા**

# આંતરરષ્ટ્રીય નૃત્યકાર કલરવ દવે સાથે ઓનલાઈન નૃત્ય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

નૃત્ય એ મનોરંજક વાતાવરણમાં આનંદ કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. તેથી, ચાલો આ લોકડાઉનનો ઉપયોગ કેટલાક આનંદદાયક સમય સાથે કરીએ. આ કાર્યકર્મથી અમારા બાળકોને તેમના આત્મવિશ્વાસ અને અભિનયની કુશળતા વિકસાવવામાં મદદ મળી.બાળકો નો અભિનય અને કાર્યકર્મ માં સહ ભાગી થવાનો ઉત્સાહ અનેરો હતો.સમર કેમ્પના ભાગ રૂપે વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા ૨૭ મી મેના રોજ ધોરણ ૩ થી ૮ ના બાળકો માટે પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય નૃત્યકાર કલરવ દવે પણ આ કાર્યક્રમ માં સહભાગી થયા હતા.




# કોવિડ ૧૯ મહામારીમાં સાદરાના એનએનએસના સ્વયંસેવકોની પોતાના ગામમાં ઉપયોગી સેવાઓ

ગાંધીનગર તા. ૨૯

ગાંધીનગર તાલુકાના સાદરા ખાતે ગુજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ કોવીડ-૧૯ મહામારીમાં પોતાના ગામમાં સસ્તા અનાજની દુકાનમાંથી અનાજ વિતરણમાં મદદ કરી રહ્યા છે. પૂ. ગાંધી બાપુ દ્વારા સ્થાપિત ગૂજરાત વિધાપીઠના વિધાર્થીઓ હરહમેશ જયારે પણ કોઈ મુશ્કેલી સમાજ સામે આવે છે ત્યારે સમાજના પછાત અને ગામડાના ગરીબ લોકો માટે સેવાના વિવિધ કામ કરી રહ્યા છે જેમાં પ્રશંસનીય ભૂમિકા દહેગામના અરજણજીના મુવાડા ગામના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવક કરણ રાઠોડ સહિત સ્વયંસેવકોની જોવા મળી રહી છે.



રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયસેવકો ગુજરાત રાજ્યના વિવિધ ગામોમાં સસ્તા અનાજની દુકાનમાંથી અનાજ વિતરણમાં મદદ કરી રહ્યા છે જેમાં સોશલ ડિસ્ટન્સની વ્યવસ્થામાં સ્વયસેવકો સારી કામગીરી કરી રહ્યા છે. આ સ્વયંસેવકો પૈકી દહેગામના અરજણજીના મુવાડા ગામના એનએનએસ સ્વયં સેવક કરણ રાઠોડની સેવાઓ વિશેષ અને પ્રશંસનીય ભૂમિકા ભજવી રહી છે. સસ્તા અનાજની સરકાર માન્ય દુકાનોમાંથી ભારત સરકારના નિયમો પ્રમાણે અનાજનું વિતરણ ચાલી રહ્યું છે. અનાજ વિતરણ વ્યવસ્થામાં ગામમાં સરપંચ અને ગામના આગેવાનો સાથે રહી જરૂરિયાતમંદ નાગરિકોને વ્યવસ્થિત રીતે અનાજ વિતરણ થઈ શકે અને અનાજ લેતી વખતે ભારત સરકારના સોશલ ડિસ્ટન્સના નિયમોનું પાલન સારી રીતે થાય તે માટે રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકો ખુબજ સરાહનીય અને પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે. આ સાથે કોરોના વોરિયર્સ તરીકે જીનાલી મોંતા, જસ્મીન ઠાકોર, કીર્તિ ચૌધરી , હસ્તી વેગડ અને નીતા પરમાર વગેરે દ્વારા પોતાના ઘરે માસ્ક બનાવી તેનું ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકોને વિતરણ કરી રહ્યા છે અને લોક ડાઉનની ગાઈડ લાઈન પ્રમાણે કોરોના વાયરસની લડાઈમાં સોશલ ડિસ્ટન્સનું શું મહત્વ છે તેના વિષે માહિતી આપી રહ્યા છે તેમજ જરૂરી કામ સિવાય બહાર ના નીકળવા માટે ગ્રામીણ નાગરિકોને સમજાવી રહ્યા છે. આ પ્રવૃત્તિઓ માટે કુલનાયક ડો. અનામીકભાઈ શાહ , કાર્યકારી કુલસચિવ ડો. ભરતભાઈ જોશી, માનદ નિયામક ડો. રાજેન્દ્ર ભાઈ ખીમાણી, રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડો. અરુણભાઈ ગાંધી, ડીન ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ તેમને પ્રોત્સાહિત કરી રહ્યા છે.



# એક ઈવેન્ટ મેનેજર બનવા માટે કઈ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે?

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. ‘કરિયર કોર્નર‘ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે સુરત, અમદાવાદ, અને બનાસકાંઠાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર ‘લાઈક’ કરી શકો છો: facebook.com/questions.careercorner

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ ઍ્ડ, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. મેં આ વર્ષે જ ગ્રેજ્યુએશન પૂરું કરેલ છે.મને અવનવી ઇવેન્ટ પ્લાન કરવાનો ખૂબ શોખ છે.તો એક ઇવેન્ટ મેનેજર બનવા માટે કઈ બાબતો નું ધ્યાન રાખવું જરૂરી છે?**

**- હેતલ શાહ , ગાંધીનગર**

એક સર્ટિફાઇડ ઈવેન્ટ પ્લાનર્સ ઈવેન્ટના તમામ પાસાંઓના સંકલન અને સંચાલનનું કામ સંભાળે છે. તે માટે કોઈ ફિક્સ અથવા માત્ર એક કોર્સ નથી કરવાનો હોતો.તે માટે વિદ્યાર્થીઓ અલગ-અલગ શૈક્ષણિક બેકગ્રાઉન્ડમાંથી આવે છે, પરંતુ તે સામાન્ય રીતે બેચલર ડિગ્રી ધારકો હોય છે. ઘણા પ્લાનર્સ કોઈક નાના કામથી શરૂ કરતાં હોય છે. જેમ કે કેટરિંગ કોઓર્ડિનેટર



પોઝિશન,પાર્ટી આયોજક વગેરે.યોગ્ય શિક્ષણ અને અનુભવ સાથે, આયોજનકારો મોટા કાર્યક્રમો, જેમ કે સંમેલનો અને કોર્પોરેટ મીટિંગ્સનું આયોજન કરી શકો છો.પ્રમાણિત ઈવેન્ટ પ્લાનર બનવા માટે, તમારે હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, માર્કેટિંગ, જાહેર સંબંધો, સંચાર અથવા વ્યવસાયમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરવી જોઈએ. ડિગ્રી વગર તમને ક્ષેત્રમાં ૧-૨ વર્ષનો અનુભવની જરૂર પડશે. તમારે સંચાર, ગ્રાહક સેવા, આંતરવ્યક્તિગત વાટાઘાટ અને સમસ્યા હલ કરવાની કુશળતાની પણ જરૂર પડશે. તમે ઑનલાઈન સોશિયલ મીડિયા, પ્રોજેક્ટ મેનેજમેન્ટ સૉફ્ટવેરનું જ્ઞાન સાથેની મૂળભૂત કમ્પ્યુટર કુશળતા અને આધુનિક કૌશલ્ય ધરાવતા હોવ એ જરૂરી છે. ઈવેન્ટ પ્લાનર્સ લગ્ન જેવી ખાનગી અને જાહેર ઈવેન્ટ્સ ગોઠવે છે. કન્વેન્શન સર્વિસ મેનેજર્સ બધી વિગતો સંચાલિત થાય તેની ખાતરી કરવા માટે હોટલ જેવી કંપનીઓ અને સ્થળો વચ્ચેના જોડાણ તરીકેકાર્ય કરે છે.આ ક્ષેત્ર માં સૌથી જરૂરી છે આપનું માર્કેટ માં અન્ય લોકો અથવા કસ્ટમર્સ સાથે નેટવર્કિંગ એટ્લે કે સંબંધો સારા હોવા જરૂરી છે.એ આપને જરૂર મદદરૂપ થઈ શકશે.અને બીજી વસ્તુ છે ટાઈમ મેનેજમેન્ટ.આપે આપના કામ માં સમય સૂચકતા બહુ મોટો ભાગ ભજવે છે.આમ આપ જો આ ક્ષેત્ર માં જવા માંગો છો તો ઉપરોક્ત બાબતોનું ધ્યાન રાખી જરૂરી મેહનત કરી ને સફળતા પ્રાપ્ત કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું બી.એસ.સી ના છેલ્લા વર્ષ માં અભ્યાસ કરું છું.મારો પ્રશ્ન એ છે કે સ્ટેનોગ્રાફર એટ્લે શું અને એ બનવા માટે લેવામાં આવતી પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- જીવન ભરવાડ, ઇડર**

લાંબા લખાણ ને ટૂંક રૂપ માં સાંકેતિક ભાષા માં લખનાર ને સ્ટેનોગ્રાફર તરીકે ઓળખવામાં આવે છે.જેમાં અલગ અલગ ભાષા જેમકે અંગ્રેજી,હિન્દી અને ગુજરાતી વગરે માં નિષ્ણાત થઈ શકો છો.આ જગ્યાઓ મુખ્યત્વે કોર્ટ એટ્લે કે અદાલત દ્વારા બહાર પાડવામાં આવે છે.એસ.એસ.સી દ્વારા હિન્દી અને અંગેજી માટે પરીક્ષા લેવામાં આવે છે.સૌપ્રથમ લાયકાત ની વાત કરીએ તો ગ્રૂપ સી અને ગ્રૂપ ડી બંને પરીક્ષા ૧૨ પાસ ઉપર લેવામાં આવે છે.જેમાં ગ્રૂપ સી માટે ઉમર ૧૮ થી ૩૦ વર્ષ જ્યારે ગ્રૂપ ડી માટે ૧૮ થી ૨૭ વર્ષ રાખવામા આવેલ છે.આ પરીક્ષા બે ભાગ માં લેવાં આવે છે.પ્રથમ લેખિત પરીક્ષા અથવા પ્રિલિમ લેવામાં આવે છે.જે ૨૦૦ માર્ક ની હોય છે.જેમાં સામાન્ય



જ્ઞાન , અંગ્રેજી અને ગણિત ના પ્રશ્નો પૂછવામ આવે છે.ત્યાર બાદ બીજા તબક્કા માં આપની સ્કીલ ટેસ્ટ લેવામાં આવે જેમાં આપના લખાણ ની સ્પીડ અને ગુણવત્તા ચેક કરવામાં આવે છે.સ્પીડ ની વાત કરીએ તો ગ્રૂપ સી માટે ૧૦૦ વર્ડસ પ્રતિ મિનિટ અને ગ્રૂપ ડી માટે ૮૦ વર્ડસ પ્રતિ મિનિટ નિર્ધારિત કરેલ છે.એ માટે લેવામાં આવતી પરીક્ષા માં ગ્રૂપ ડી – અંગેજી અને હિન્દી માટે અનુક્રમે ૫૦ અને ૬૫ મિનિટ નો ટાઈમ દેવામાં આવે છે.જ્યારે ગ્રૂપ સી – અંગ્રેજી અને હિન્દી માટે અનુક્રમે ૪૦ અને ૫૫ મિનિટ નો ટાઈમ આપવામાં આવે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩. મે તાજેતરમાં જ ધો-૧૦ ની પરીક્ષા આપેલ છે.શું હું ઇંડિયન આર્મીમાં જોઇન થઈ શકું? માહિતી આપશો.**

**- સની ડામોર, પંચમહાલ**

અમે પ્રથમ તમને જણાવવા માંગીશું કે તમે જે ધોરણ ૧૦ પાસ ની વાત કરી રહ્યા છો જે હાલ અયોગ્ય છે અમારી સલાહ મુજબ તમારે ઓછામાં ઓછા ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરવો જરૂરી છે. જેથી આગળ જતાં તમે સારી ગવર્મેન્ટ જોબ અથવા તો ડિફેન્સ ક્ષેત્રમાં જોબ મેળવી શકો છો. હવે તમે ડિફેન્સ ક્ષેત્રમાં જવા માંગો છો એટ્લે કે સંરક્ષણ ક્ષેત્રમાં જવા માંગો છો તો એના માટે એક એન. ડી .એ. નેશનલ ડિફેન્સ એકેડમી નામ ની પરીક્ષા લેવામાં આવે છે જેના માટે ધોરણ ૧૨ ની લાયકાત જરૂરી છે અને ઉમરની વાત કરીએ તો ૧૬.૫ થી ૧૯.૫ વર્ષ સુધીની ઉમર હોય છે જે તમે હાલ



ઈલેજીબલ છો જેના માટે આપ યોગ્ય છો પણ તમે ફક્ત ધોરણ૧૦ પાસ કરી ને આ એક્જામ નઈ આપી શકો જો તમે ૧૦ આગળ અભ્યાસ કરી શકતા હોય તથા તમારી આર્થિક પરિસ્થિતી થોડી પણ સારી હોય કે તમે ૧૨ પાસ સુધીની લાયકાત મેળવી શકો તો અવશ્ય આ પરીક્ષા આપી શકો છો પણ એના માટે ઓછામાં ઓછું તમારે ૧૨ પાસ ક્લિયર કરવું જરૂરી છે બીજી વાત જો ૧૦ પાસ પછી તમારું આગળ ભણવું જો અશક્ય જ હોય તમે ભણી જ ના શકવાના હોય તો એક માર્ગ આ છે કે ધોરણ ૧૦ પછી આર્મીની અંદર અલગ અલગ એક્જામ લેવામાં આવતી હોય છે જેમ કે ધોરણ ૮ પાસ ઉપર હોય, ધોરણ ૯ પાસ પર હોય છે, ૧૦ પાસ ઉપર હોય છે જેને આપણે સોલ્જર તરીકે ઓળખતા હોઈએ છ. જેના માટે અલગ અલગ જિલ્લામાં અલગ અલગ સ્થળ ઉપર રેલીનું આયોજન થતું હોય છે જેમાં તમારે ભાગ લેવો પડે છે જેમાં તમારે દોડવા જવાનું હોય છે એના પછી છેલ્લે એક મેડિકલ એક્જામ હોય છે તમારી અને પછી લેખિત પરીક્ષા જેવુ હોય છે જે તમે પાસ કરી ને આર્મીમાં જોઇન્ટ થઈ શકો છો તથા નેવી માં પણ ૧૦ પાસ ઉપર સેઈલર એટલેકે નાવીક ની ભરતી બાર પડતી હોય છે જે પણ તમે આપી શકો છો પણ આ બહુ સીમિત ક્ષેત્ર થઈ જશે જો તમારે વધારે ક્ષેત્ર માં આગળ વધવું હોય તો ઓછામાં ઓછું ૧૨ પાસ કરવું જરૂરી છે તો ફરી થી તમને આ સલાહ આપશું કે તમે ઓછામાં ઓછા ૧૨ પાસ સુધી લાયકાત મેળવી લો જો શક્ય હોય તો બાકી ૧૦ પાસ ઉપર ઉપર જણાવ્યા મુજબ તમે આર્મી ની અંદર આ પ્રકાર ની જોબ મેળવી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercorner